#166

No Confidence without Completion 😎

મિત્રો,
ઘણા લોકો કહે છે, “મને Confidence નથી આવતો.”
પણ સાચી વાત એ છે કે Confidence કોઈ જાદુથી નથી આવતો, પરંતુ Completion થી આવે છે.

જ્યારે આપણે કોઈ કામ શરૂ કરીએ અને અધૂરું છોડી દઈએ, ત્યારે મનમાં શંકા જન્મે છે:
“હું કરી શકીશ કે નહીં?”

પરંતુ જ્યારે આપણે નાનું પણ કામ પૂરું કરીએ છીએ— જેમ કે એક પુસ્તકનો અધ્યાય, એક પ્રોજેક્ટનો ભાગ, એક દિવસનો સંકલ્પ — ત્યારે અંદરથી અવાજ આવે છે:

“હા, હું કરી શકું છું. કારણ કે મેં કરીને બતાવ્યું છે.”

Confidence શબ્દોમાંથી નથી આવતો,
પુરાવામાંથી આવે છે.
અને સૌથી મોટો પુરાવો છે — Complete થયેલું કામ.

દરેક Completion આપણા મનના Bank Account માં Confidence ની નવી Deposit કરે છે. અને દરેક અધૂરું કામ Confidence નું Withdrawal કરે છે.

તેથી આજે મોટાં સપનાં જોવાની સાથે એક નાનું કામ પસંદ કરીએ,
અને તેને કોઈપણ બહાનું કર્યા વગર પૂરું કરીએ.

કારણ કે…

“Confidence સફળતા પહેલાં નથી આવતો, પરંતુ Completion થયા પછી આવે છે, અને Completion પછી Confidence સફળતાનો રસ્તો સરળ બનાવી દે છે.”

મિત્રો યાદ રાખીએ,

“શરૂઆત Motivation આપે છે ,

પણ Completion Confidence આપે છે .” 